**ક્રમાંક : ૭**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**પ્રથમ સત્ર**
**મંગળવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩ અને ૪ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૫થી ૧૯૩ને અતારાંકિત ગણવામાં આવ્યા. પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. માનનીય શિક્ષણ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ‘‘આ સભાગૃહ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ –૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો પેટા કલમ–૧૦ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે ‘‘ આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ–૫ના ફકરા–૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા. ૧૯–૦૮–૬૦ના જાહેરનામાં ક્રમાંક–ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૪. માનનીય સહકાર મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સહકાર મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે ‘‘ આ સભાગૃહ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૫૬(૧) (૫) મુજબ ગુજરાત રાજય સહકારી પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. ’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૫. માનનીય પંચાયત મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે પ્રસ્તાવ રજૂ કર્યો કે ‘‘ આ સભાગૃહ સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ની પેટા કલમ–૧ (ગ) ના ખંડ–(૬) મુજબ રાજય પંચાયત પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે. ’’

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક, આમ જુદી જુદી યુનિવર્સિટીની સેનેટ કે કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની તેમજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ, તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

**૭ . સરકારી વિધેયકો**

(૧) માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને વિધેયકના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી વિરજીભાઇ ઠુંમર
(૨) શ્રી રમણભાઇ પટેલ
(૩) શ્રી કુંવરજીભાઇ બાવળીયા
(૪) શ્રી દુષ્યંતભાઇ પટેલ
(૫) ડો. આશા પટેલ (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨–૩૦થી ૩–૧૫**

વિરામ બાદ સભ્યશ્રી ડો. આશા પટેલે વિરામ પહેલાંનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૬) શ્રી કીર્તિસિંહ વાઘેલા
(૭) શ્રી કિરીટકુમાર પટેલ
(૮) શ્રી પ્રેમસિંહભાઇ વસાવા
(૯) શ્રી નૌશાદજી સોલંકી
(૧૦) ડો. સી.જે. ચાવડા
(૧૧) શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ
(૧૨) શ્રી પરેશભાઇ ધાનાણી (વિરોધપક્ષના નેતાશ્રી) (પ્રવચન અધુરું)

**વિરામ સાંજના ૫–૦૧થી ૫–૧૧**

વિરામ બાદ વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ વિરામ પહેલાંનું તેમનું અધૂરું રહેલ વકતવ્ય પૂરું કર્યું.

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૮નું ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કુંવરજીભાઇ બાવળિયા
(૨) શ્રી હસમુખભાઇ પટેલ
(૩) ડો. અનિલભાઇ જોષીયારા
(૪) શ્રી સુખરામભાઇ રાઠવા
(૫) શ્રી બાબુભાઇ પટેલ
(૬) શ્રી બળદેવજી ઠાકોર
(૭) શ્રી વિવેક પટેલ
(૮) ડો. સી.જે. ચાવડા

ચર્ચાનો જવાબ માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

**કલમવાર વાચન**

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય રાજય કક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૮નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી સુખરામભાઇ રાઠવા
(૨) શ્રી નરેશભાઇ પટેલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુંમર
(૪) શ્રી રાઘવજીભાઇ મકવાણા
(૫) શ્રી અલ્પેશ ઠાકોર
(૬) શ્રી લલીતભાઇ વસોયા
(૭) શ્રી કાંતિભાઇ સોઢાપરમાર
(૮) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૯) શ્રી પુંજાભાઇ વંશ
(૧૦) શ્રી રમણભાઇ પટેલ

ચર્ચાનો જવાબ માનનીય રાજય કક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમારે આપ્યો.

ત્યારબાદ પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, બુધવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રે ૮–૪૧ વાગ્યે મુલત્વી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**